આણંદ જીલ્લાની પોલીસ સાફલ્ય ગાથાની અપડેટ માહિતી તા.૦૫/૧૧/૨૦૧૮ થી ૧૧/૧૧/૨૦૧૮ સુધીની છે.

તા.૦૫/૧૧/૨૦૧૮ થી ૧૧/૧૧/૨૦૧૮	આણંદ	**પ્રેસ નોટ તા.૦૫/૧૧/૧૮** **રીક્ષામાં બેઠેલ પેસેન્જરની નજર ચુકવી થેલામાંથી રોકડ તથા દાગીના ચોરીનો ગુન્હો આચરવાની ટેવવાળા ચોરને પકડતી આણંદ એલ.સી.બી.** પોલીસ અધિક્ષકશ્રી મકરંદ ચૌહાણ સાહેબ નાઓએ તાજેતરમાં દિવાળીના તહેવાર નિમીત્તે એલ.સી.બી. પોલીસના અધિકારીઓ તથા પોલીસ સ્ટાફની મીટીંગ રાખી આણંદ જીલ્લામાં બનતા મિલકત વિરુધ્ધના ગુનાઓ તથા વાહન ચોરીના ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા તથા અગાઉ પકડાયેલા શકદારની તપાસ કરવા જરૂરી સુચનાઓ આપેલ જે આધારે પો.સ.ઇન્સશ્રી એન.ડી.નકુમ એલ.સી.બી. આણંદ નાઓએ સદર કામગીરી કરવા સ્ટાફના પોલીસ માણસોને જરૂરી સુચનાઓ આપી જીલ્લામાં પેટ્રોલીંગ રાખવામાં આવેલ તે દરમ્યાન એલ.સી.બી. પોલીસ સ્ટાફના અ.હે.કો. રફીકભાઇ ગનીભાઇ તથા પો.કો. મોહીનુદ્દીન કાજી નાઓને સંયુક્ત માહિતી મળેલ કે, સલીમ ઉર્ફે અમદાવાદી યુનુસભાઇ વ્હોરા રહે.સોજીત્રા, સસનકોલોની નાઓ અગાઉ રીક્ષા તથા અન્ય વાહનોમાં પેસેન્જર તરીકે બેસી પેસેન્જરોની નજર ચુકવી દાગીના રોકડ રકમ વિગેરેની ચોરીના ગુનામાં આણંદ ટાઉન પો.સ્ટે.માં પકડાયેલ છે અને હાલમાં પણ તેની આવી પ્રવૃત્તી ચાલુમાં છે અને અવાર-નવાર આણંદ શહેર વિસ્તારમાં ભીડભાડ વાળા વિસ્તારમાં આવે જાય છે અને આજરોજ પણ તે આણંદ શહેર વિસ્તારમાં આવેલ છે જેથી મળેલ હકીકત વર્ણન મુજબના માણસની વોંચમાં હતા. દરમ્યાન મળેલ બાતમી મુજબનો માણસ આણંદ વિધ્યાનગર રોડ ઉપર બીગ બજાર વિસ્તારમાં જતી આવતી રીક્ષા તથા અન્ય વાહનોમાં બેસતા ઉતરતા પેસેન્જરોની નજીકમાં આંટાફેરા મારતો હોય જેથી તેના ઉપર શક વહેમ જણાતા તેને રોકવા પ્રયત્ન કરતા તે પોલીસને જોઇ નાસવાનો પ્રયત્ન કરતા તેને રોકી લીધેલ તેણે પોતાનુ પુછતા પોતાનુ નામ સલીમ ઉર્ફે અમદાવાદી યુનુસભાઇ વ્હોરા ઉ.વ.૪૫ રહે.સોજીત્રા, સસનકોલોની તા.સોજીત્રા જી.આણંદનો હોવાનુ જણાવેલ અને તેની ઝડતી તપાસ કરતા તેની પાસેથી રૂ.૨૭૦૦/- અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ તેને આ જગ્યાએ આવવા બાબતે પુછપરછ કરતા કોઇ ચોક્કસ કારણ જણાવેલ નહી અગર કોઇ યોગ્ય ખુલાસો કરેલ નહી જેથી સદરી ઇસમ કોઇ ગુનો કરવાના ઇરાદે અત્રે આવેલાનુ જણાઇ આવેલ હોય જેથી સદરી ઇસમને સી.આર.પી.સી.ક.૪૧(૧)એ મુજબ અટક કરી સદર આરોપીની પુછપરછ દરમ્યાન પોતે તથા પોતાના બીજા ત્રણ સાગરીત મળી કુલ ચાર ઇસમોએ આજથી દોઢેક વર્ષ ઉપર સોજીત્રા પલોલ ચોકડી પાસે રીક્ષામાં એક બેનના થેલામાંથી રૂ.૫૧,૦૦૦/- ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ જે બાબતે ખાતરી તપાસ કરતા સોજીત્રા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૪/૨૦૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદર પકડાયેલ સલીમ ઉર્ફે અમદાવાદી યુનુસભાઇ વ્હોરા રહે.સોજીત્રા, સસનકોલોની નાને આગળની વધુ તપાસ માટે સોજીત્રા પો.સ્ટે. સોંપવામાં આવેલ છે અને આ ગુનામાં સંડોવાયેલ સહ આરોપીઓને પકડવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.
	,,	

	,,	**ભાલેજ ચોકડીથી ત્રણ હથીયાર સાથે ત્રણ ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, આણંદ** પોલીસ અધિક્ષકશ્રી મકરંદ ચૌહાણ સાહેબ નાઓએ ગઇકાલ રાત્રીના કાળીચૌદશ તથા દિવાહીનો તહેવાર હોઇ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર આણંદ જીલ્લામાં કોમ્બીંગ નાઇટનુ આયોજન કરેલ અને આ દરમ્યાન અસરકારક કામગીરી કરવા જરૂરી સુચનાઓ આપેલ. આ કોમ્બીંગ નાઇટમાં એલ.સી.બી. પો.સ.ઇ.શ્રી એન.ડી.નકુમ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો. રફીકભાઇ તથા પો.કો. મોહીનુદીન નાઓને વિશ્વાસપાત્ર બાતમીદારથી બાતમી હકિકત મળેલ કે, સમીરમીયા મહેબુબમીયા મલેક રહે.સામરખા તથા અબ્દુલસમદ ઉર્ફે કાણીયો ફરીયદમીયા ઠાકોર રહે.ભાલેજ તથા સદામમીયા હસનમીયા મલેક રહે.ભાલેજ નાઓ ભેગા મળી બહારના રાજયમાંથી ગેરકાયદેસરના હથીયારો રીવોલ્વર તથા પિસ્તોલ લાવી વેચાણ કરે કરાવે છે અને આ ત્રણેય માણસો પૈકી સમીરમીંયા મહેબુબમીંયા મલેક તથા અબ્દુલસમદ ઉર્ફે કાણીયો ફરીદમીંયા ઠાકોર નાઓ અગાઉ વાહન ચોરીઓના ગુનાઓમા પકડાયેલ છે અને આ લોકોની આવી ગુનાહિત પ્રવૃત્તી ચાલુમાં છે અને આ લોકો ગેરકાયદેસરના હથીયારો લાવેલા છે અને આજરોજ આ ત્રણેય માણસો સીલ્વર રંગની વેગનઆર ગાડીમાં હથીયારો લઇ ભાલેજ ચોકડીએ આવનાર હોવાની ચોક્કસ માહિતી મળેલ હોય જેથી ભાલેજ ચોકડી ઉપર એલ.સી.બી. સ્ટાફના માણસો સાથે છુટા છવાયા એકબીજાના સંકલનમાં રહીએ તે પ્રમાણે વોંચમાં ગોઠવાયેલ દરમ્યાન મળેલ બાતમી મુજબની સીલ્વર રંગની વેગનઆર ગાડી ભાલેજ તરફથી આવતા તે ગાડીમાં ડ્રાઇવર સાથે ત્રણ માણસો બેઠેલા જણાયેલ જે ગાડીને રોકવા પ્રયત્ન કરેલ પરંતુ ગાડીના ચાલકને પોલીસનો અણસાર આવતા ગાડી આણંદ તરફ હંકારવા જતા તે ગાડીનો પીછો કરી નજીકમાં રોકી લીધેલ અને ગાડીમાં ડ્રાઇવર સાથે ત્રણ માણસો બેઠેલા હતા જેઓની ઝડતી તપાસ કરતા ત્રણેયના શરીર ઉપર પહેરેલ કપડાની અંદર સંતાડી રાખેલ દેશી બનાવટની પીસ્તોલ નંગ-૨ તથા દેશી બનાવટની રીવોલ્વર નંગ-૧ તથા કાર્ટીઝ નંગ-૧૦ મળી આવેલ. જે કુલ કિ.રૂ.૩૧,૦૦૦/- ગણી કબ્જે કરવામાં આવેલ. તેમજ વેગાર આર ગાડી કિ.રૂ.૫૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૮૧,૦૦૦/-નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી (૧) સમીરમીંયા મહેબુબમીંયા મલેક ઉ.વ.૨૮ રહે.સામરખા કસ્બા તા.જી.આણંદ (૨) અબ્દુલમસદ ઉર્ફે કાણીયો રફીદમીંયા ઠાકોર ઉ.વ.૨૪ રહે.ભાલેજ ચોકડી, રેલ્વે ફાટક પાસે તા.ઉમરેઠ જી.આણંદ (૩) સદામમીંયા હસનમીંયા મલેક ઉ.વ.૨૭ રહે.ભાલેજ, શેખવાડા બજાર તા.ઉમરેઠ જી.આણંદ નાઓ વિરૂધ્ધ ભાલેજ પો.સ્ટે. આર્મ એક્ટ કલમઃ૨૫(૧બી)એ તથા જી.પી.એ. કલમ-૧૩૫ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ એલ.સી.બી. પો.સ.ઇ. નાઓ ચલાવી રહેલ છે.

	,,		

સહી/-

(કોમલ વ્યાસ)

ના.પો.અધિ.મુખ્ય મથક અને

ઇ-ગુજકોપ નોડલ અધિકારી

આણંદ.

પ્રતિ,

ડાયરેકટર શ્રી, (ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,

બ્લોક નં.-૧, આઠમો માળ, ઉધ્યોગ ભવન, સેકટર-૧૧,

ગાંધીનગર. ઇ-મેઇલ - gujinfo.gog@gmail.com

<u>નકલ સવિનય રવાના</u> :-

પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ.